सत्यमेव जयते

C.C.No.862-2022

આ કામના આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ ૬૬–૧–બી મુજબના ગુનાનો આરોપ છે. આરોપીને આજરોજ હાજર થઈ પોતે ગુનો કબુલ કરે છે તે મુજબની પુરશીશ રજુ કરેલ છે. જે આંક: ૩ થી રજુ કરેલ જેમાં આરોપીની પ્લી રેકોર્ડ કરતા તેમા પણ પોતે સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે.

આરોપીને સજાની જોગવાઈ–કલમ–૬૬–૧–બી ના ગુન્હા માટે, પ્રથમ ગુના માટે છ માસની કેદ અને ૧૦૦૦/– સુધીના દંડની જોગવાઈ છે તેની સમજ કરીને પુછતાં પોતે ગુન્હો કબુલ કરવા માંગે છે તેવું સ્પષ્ટ જણાવેલ છે. વધુમાં, પોતાનો આ પ્રથમ ગુન્હો છે અને ગરીબ માણસ છે તથા ફરી પુનરાવર્તન નહી કરે તેવું જણાવેલ છે.

આરોપી વિરુધ્ધ ગુનાનો પ્રકાર, તેમજ સજાની સુધારણાત્મક વિચારસરણીને અનુસરતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા રાજય વિરુધ્ધ નટવર હરચાંદજી ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર.પી.૭૦૯ ચુકાદાના સિધ્ધાંતને અનુસરતાં કલમ–૬૬(૧)(બી) પ્રમાણે ખાસ અને પુરતા કારણો તરીકે આરોપીની ગરીબ પરિસ્થિતિ અને કુંટુંબની એકમાત્ર કમાનાર વ્યકિત તેમજ ભૌગોલીક પરિસ્થિતિને લક્ષ્યમા લેતાં પુરતા કારણો નિહિત કરેલ સજા કરતાં ઓછી સજા કરવા માટે જણાઈ આવે છે. આથી આરોપીની સ્વૈચ્છીક કબુલાત હોઈ ગુન્હા કબુલાત સ્વીકારીને તે આધારે નીચે મુજબની સજા ફરમાવવામાં આવે છે. **જીગર વિનોદ જોબનપૂત્રા રહે.નવાનગર તા.નખત્રાણા** વાળાને ગુજરાત નશાબંધીની કલમ–૬૬(૧)(બી),ગુના સબબ ફોજદારી કાર્યવાહી ધારો,૧૯૭૩ ના કલમ–૨૫૫ હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

Sentence or final order :

ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)ના ગુના સબબ કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂા.**૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** દંડની શિક્ષા ફરમાવવામાં આવે છે.જો દંડ ન ભરે તો દિન–૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

Date on which the proceedings terminated -

Remarks : રેકર્ડ સેન્ટ્રલ રેકર્ડ રૂમ ખાતે તૈયાર કરીને મોકલી આપવું.

SD/-

Place: NAKHATRANA

(P.B.BOHRA)
JUDICIAL MAGISTRATE,FIRST CLASS,
NAKHATRANA-KACHCHH.

Date:12/11/2022

Code No.GJ01296